**ફોજદારી અપીલ નંબર : ૪૫/૨૦૨૨.**

## –:: એપેલન્ટની આંક : ૪ ની અરજી હેઠળ હુકમ ::–

(૧) હાલના એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામના ખાનગી ફોજદારી કેસ નંબર : ૪૪૫/૨૦૧૯ ની ઈન્સાફી કાર્યવાહી ચાલી જતાં માંડવીના વિ. એડી. ચીફ જયુ. મેજિ.શ્રીએ તારીખ : ૦૧/૧૦/૨૦૨૨ ના રોજ ચુકાદો આપી એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુના સંબંધે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે દોષિત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને વળતરની રકમ ચૂકવી આપવા સંબંધેનો હુકમ ફરમાવેલ છે.

(૨) આ કામના એપેલન્ટને એક વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને વળતર ચૂકવી આપવા સંબંધેનો હુકમ કરવામાં આવેલ છે. અરજદારે વિ. નીચેની અદાલત સમક્ષ અપીલ સમયના જામીન તથા હુકમને સ્ટે કરવાની અરજી આપતાં વિ. નીચેની અદાલત ધ્વારા તે અરજી મંજૂર કરવામાં આવેલી અને અરજદારને જામીન ઉપર મુકત કરી તકરારી હુકમ દિન–૩૦ માટે સ્ટે કરેલ. ત્યાર બાદ અરજદારના માતા બિમાર થયેલ હોવાથી અરજદાર પોતાની માતાને સારવાર માટે રાજસ્થાન દઈ ગયેલા અને ત્યાંથી પરત આવતાં ૧૭ દિવસનો સમય થયેલો અને ત્યાર બાદ અરજદાર વિ. નીચેની કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને કસ્ટડીમાં લેવામાં આવેલા. આમ, ઉપરોકત કારણોસર અરજદાર સમયમર્યાદામાં અપીલ દાખલ કરી શકેલા નહીં અને ત્યાર બાદ તેઓ વિ. નીચેની અદાલતમાં હાજર થતાં તેઓને કસ્ટડીમાં લેવામાં આવેલા. વળી, એપેલન્ટ ટ્રાયલ દરમ્યાન જામીન મુકત હતાં તેમજ જજમેન્ટ બાદ અપીલ સમય માટે પણ તેઓને જામીન આપવામાં આવેલા. હાલના એપેલન્ટ સુરત જિલ્લાના માંડવી તાલુકાના કાયમી રહેવાસી છે, જે હકીકત ધ્યાને લેતાં તેઓની હાજરી અપીલના કામે ઉપલબ્ધ બની રહેશે તેમ જણાય છે. એપેલન્ટની અપીલને ચાલતાં સમય જાય તેમ છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં અપીલ ચાલતાં સુધીના સમય દરમ્યાન જો આરોપીને ચોકકસ શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે.

આમ, ક્રિમિ. પ્રોસી. કોડની જોગવાઈ મુજબ દોષિત ઠરેલ એપેલન્ટને અપીલનો નિર્ણય થતાં સુધી નીચેની અદાલતે ફરમાવેલ સજા સંબંધેનો આદેશ મોકૂફ રાખવા અને અપીલના આખરી નિર્ણય સુધી એપેલન્ટને જામીન મુકત કરવા યોગ્ય જણાય છે, તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

માંડવીના।। વિ. એડી. ચીફ જયુ. મેજિ.શ્રીએ ખાનગી ફોજદારી કેસ નંબર : ૪૪૫/૨૦૧૯ ના કામે તારીખ : ૦૧/૧૦/૨૦૨૨ ના રોજ એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના અંગે દોષિત ઠરાવી કેદની સજા ફરમાવતો તથા વળતર ચૂકવવા અંગેનો જે હુકમ કરેલ છે તે હુકમ આ અપીલનો આખરી નિકાલ થતાં સુધી સ્થગિત કરવામાં આવે છે અને આરોપી/એપેલન્ટ રૂા.૧૫,૦૦૦/- અંકે રૂપિયા પંદર હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કર્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે

**-:: શ ર તો ::-**

(૧) એપેલન્ટે સદર કાયદામાં સુધારેલ કલમ-૧૪૮ મુજબ વળતરની રકમની ૨૦% રકમ નાઝરશ્રી, સિવિલ કોર્ટ, માંડવીનાઓ સમક્ષ આ હુકમની તારીખથી દિન-૩૦ માં ડિપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે.

(૨) એપેલન્ટ/આરોપીએ પોતાનું રહેઠાણનું સરનામું પુરાવા સાથે અત્રેની અદાલતમાં રજૂ કરવાનું રહેશે અને જો તે સરનામામાં ફેરફાર થાય તો તેની લેખિતમાં જાણ અત્રેની અદાલતને કરવાની રહેશે.

(૩) આરોપી/એપેલન્ટે ગુજરાત રાજયની હદ અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી વિના છોડવી નહીં.

(૪) આરોપી/એપેલન્ટે અપીલની કાર્યવાહીની દરેક ઠરાવ તારીખે નિયમિત સમયસર હાજર રહેવું.

(૫) જો આરોપી/એપેલન્ટ પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત નીચેની અદાલત સમક્ષ જમા કરાવવો, અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેની એફીડેવીટ રજૂ કરવી.

આ હુકમની યાદી સંબંધિત નીચેની અદાલતમાં કરવી.

હુકમ આજ **તારીખ :** ૨૧ મી, **માહે :** નવેમ્બર, **સને :** ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૨૧/૧૧/૨૦૨૨.
**બારડોલી.**

**( બસંતકુમાર ગુરમુખલાલ ગોલાણી)**
સાતમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01509